કોણે કર્યું? સાચી ધર્મભાવનાવાળું શુધ્ધ મન કોણે પરવરતાવ્યું? જે છે ખુદાની દરબાર દીનદાર કેરદારમાં ઉસ્તવાર. પેદરની ફરમાનબરદારી ઉઠાવવામાં બેટાને અદબથી રહેતાં કોણે શીખાડયું?

પદ: અદબથી ઉભું ફરજંદ તાબેદારીમાં ઈતિબારીમાં ઉસ્તવારીમાં.

૮ તત્ થ્વા પેરેસા એરેશ્–મોઈ વઓચા અહુરા,
મે'દઇધાઈ યા–તોઈ મજ઼્દા આદિશ્તિશ્,
યાચા વોહૂ ઉખ્ધા ફ્રૃષી મનંઘહા,
યાચા અષા અંઘ્હેઉશ્ અરેમ્ વએધાઈ,
કા–મે ઉર્વા વોહૂ ઉર્વાષત્ આગેમત્ તા.

ચિત્તવણ મંત્રો. વમાસણ, ચિત્તવણ યોગ મંત્ર કોણથી ઉગ્યાં મનમાં? પવિત્ર કલામોચ્ચારણની જોગવાઇ કોણે કીધી? ધ્યાન ધારણમાં સિધ્ધ કરી આતશના કેબલા પ્રત્યે સ્તુતિ કરી જ્ઞાનદાન કેમ મેળવાયું? એ કલામોની રાહબરીમાં રહીને બળશાલી બુલંદી પામી આત્મા ઉંચાણમાં ચઢયો જાય. કોણે બક્ષ્યા એ મોટા સમર્થ ધરાવનાર પાક કલામ.

૫૬ : જ્ઞાન દાન આતશથી પામું.

૯ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈ વચોચા અહુરા,
કુથા-મોઈ યાંમ્ યચોશ્ દએનાંમ્ યચોજ઼્દાને,
યાંમ્ હુદાનાઉશ્ પઈતીશે સખ્યાત્ ક્ષથ્રહ્યા,
એરેષ્વા ક્ષથ્રા થ્વાવાંસ્ અસીશ્તીશ્ મજ઼્દા,
હદેમોઈ અષા વોહુચા ષ્યાંસ્ મનંઘહા.

ચુસ્ત નૈયત. દીન પર રાખેલી ચુસ્ત નૈયતે તણાયલાં તાન સંયુક્ત* અંતર જ્ઞાન શિવાય બીજી કોઇબી રીતે સ્વચ્છ થવાનાં ચુંથાયલાં અંતકરણ. ખુબ ખ્યાલ કરો કે ખુદાની સર્વોતમ સત્તાદ્વારે ખ્યાન કરેલા એ સર્વે કલામો મેં તમારી સનમુખ રજુ કર્યાં. તેમની ધ્વનીની ધુન પોતાની ધરી પર ધડડમ ઘુમીને બહમનના મુકામ તક અને અષની દરગાહ તલક પુગી ગઇ છે.

પદ: યકીન ચુસ્તનું અંતકરણ સ્વચ્છ.

*સાથે જોડાયલું.

૧૦ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઇ વઓચા અહુરા,
તાંમ્ દએનાંમ્ યા હાતાંમ્ વહિશ્તા,
યા-મોઈ ગએથાઓ અષા ફ્રાદોઈત્ હચેમ્ના,
આર્મતોઈશ્ ઉખ્ધાઈશ્ ષ્યઓથના એરેશ્ દઇધત્,
મખ્યાઓ ચિસ્તોઇશ્ થ્વા ઈશ્તીશ્ ઉસેન્ મઝ્દા.

વિચાર ફ્રવપિ. અંતકરણમાં ગુપ્ત રહેલી વિચાર-ફ્રવષિના ભેદને સમજવાની દાનાઇ આપનારો ખુદા શિવાય બીજો કોઇ છે કે? એ દાનાઇ ઉગી ગઇ તે લોકની સંસ્થા લઇ ફળદ્રુમામાં ઉછરીજ જાણો. અષના આતશપંથની જોડાજોડ એ બન્ને ચાલ્યાં જાય છે. સુ વેણના આ કાયદા કાનુન લોકનાં હિતાર્થે બાંધેલા. એટલે જન જનના કૃત્યનો ફેસલો એ કાયદાનાં ન્યાયી ક્રમ પ્રમાણે થાય. મારી માંથ્રીક પ્રાર્થનાને ખુદા સફળ કરો એમ હો.

પદ: ફળદ્રુમામાં સંસ્થાન જો ઉછાળો.

૧૧ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈ વઓચા અહુરા,
કથા તેંગ્-આ વીજેમ્યાત્ આર્મઈતીશ્,
યએઇબ્યો મઝ્દા થ્વોઈ વષ્યેતે દએના,
અજેમ્ તોઈ આઈશ્ પોઉરૂયો ફ્રવોઈવીદે,
વીસ્પેંગ્ અન્યેંગ્ મન્યેઉશ્ સ્પસ્યા દ્વએષંઘહા.

કોઈ બીજી પ્રકાર. છે કોઇ એવી બીજી પ્રકાર કે દીનદારોનો ઇતબાર બીજી રવેશે આવે માઝ્દયસ્નાન સંપ્રદાય ઉપર? અમર કોઇ અન્ય રૂઢીથી ધર્મી લોકમાં શ્રધ્ધા આવે. બીજા ગુણાધારે કે જ્ઞાનદ્વારે દીનની માન્યતા છુટાપણાંમાંથી છુટીને જગતમાં આશકાર થાય. સાચું કે એ ખુદાઇ દીન ફેલાવવાની આગેવાની મારાં કીસમતમાં મેં લીધી. પણ તેથી શું પરાયા સંપ્રદાયોમાં પ્રવીણ ગણાતા પંડિત જનોએ વીના કારણથી જીદ કરી જુદાજ પડતું જોઇએ. એવી કુટેવ ઉપર મને જીગરમાંથી તિરસ્કાર છુટે છે.

પદ: જીદી મત મંતાતરી પંડિતો.

૧૨ તત્ થ્વા પરેસા એરેશ્-મોઈ વઓચા અહુરા,
કે અષવા ચાઈશ્ પેરેસાઈ દ્રેગ્વાઓ વા,
કતારેમ્ આ અંગ્રો વા હૂવો વા અંગ્રો,
યે-મા દ્રેગ્વાઓ થ્વા સવા પઈતી-એરેતે,
ન્યંઘહત્ હૂવો નોઈત્ અયેમ્ અંગ્રો મન્યેતે.

પુણ્યવંત ને પાપવંત. દીન પર એતેકાદ મુકીને કાંઈકો બન્યા પુણ્યવંત. કાંઈકો છો પડેમ પડયા રહ્યા. કોણનું એકીન કયાં સહી છે કે કયાં ઓછું છે તે તો મને રોશન થયું છે બ બરક્તે ખુદાયા. એ એમાંના કયા સામું અ-આર્યમન અહેરેમન ફ્નાફ્નીનો હુમલો છે લઇ જતો તે પણ જાણીતું છે. જે તે પક્ષ પર હુમલો નાખી ગુમરાહ બનાવે છે કે જે છે કારો કેરદારમાં તેના પોતાના જેવો નુકસાનકારક અ-આર્યમન અહેરેમન અણ-સુગાત્રાપણાંવાળો ફૂવડ. પાખંડી જડવાદી જુદદીન પક્ષ માનનારો. આત્મવાદી પુણ્યશાલીઓના ધર્મ માર્ગમાં વૃથા* ખલલ નાખનારો. તેના ઉપાસકોને† કષ્ટ આપવાની બુરી મતલબથી સામનાપણું કરનારો. કુ કર્મોના ભરેલા પોતાનાં પાપમાં ચકચુર છે તેનો મારાં સાફ મનમાં ન આવ્યો ફિટકારક ખ્યાલ.

પદ: કહો તો સહી છે કયાં એકીન તમારૂં સહી.

---

*ફોકટ. †સેવા કરનાર.

૧૩ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈ વઓચા અહુરા,
કથા દ્રુજેમ્ નીશ્ અહ્મત્ આ નીશ્ નાષામા,
તેંગ-આ અવા યોઈ અસ્રૂશ્તોઇશ્ પેરેના-
ઓંઘ્હો,
નોઇત્ અષહ્યા આદીવ્યેઇન્તી હચેમ્ના,
નોઇત્ ફ્રસયા વંઘ્હેઉશ્ ચાખ્નરે મનંઘ્હો.

હાંકી કાઢું. ભરમ ફુટી જઇને ખબર પડી ગઇ કે બેઇમાનીઓનાં ટોળાંની જુઠણી દેવણીને રાજ પ્રકરણ પ્રયોગથી નાબુદ કરવાની છે. નાબુદ કરૂં સાથે લાગા તેણીના પાપી, ભારી બોજા તળે દબાયલા તેના તદ્દન દુષ્ટ મૂર્તિ પૂજક દરવંદોને. અષ પંથના હમકાર પરહેજગારો તો પવિત્ર આતશની નિર્મળ ખુદાઇ રોશનીની રંજાલ મંજાલનો ઓળો તેઓ પર પડવા દેતા નથી. પવિત્ર અશીથી તેમને દૂર રાખે છે. નથી ઉતાર્યાં પોતાની ખ્યાલાતમાં તડી ગરદનના એ હેમકોએ પરમાર્થનાં પવિત્ર સિધ્ધાંત.

પદઃ જય જય પરમાર્થ કારેજની.

૧૪ તત્ થ્વા પેરેસા એરેશ્–મોઈ વઓચા અહુરા,
કથા અષાઈ દ્રુજેમ્ દ્યાંમ્ જસ્તયો,
ની હીમ્ મેરાંજ્દ્યાઈ થ્વહ્યા માંથ્રાઈશ્ સેંગહ્યા,
એમવઈતીમ્ સિનાંમ્ દાવોઈ દ્રેગ્વસૂ,
આ–ઈશ્ દ્રુઝ્ષેંગ્ મઝ્દા અનાષે આંસ્તાંસ્ચા,

મુશ્કેટાટ. ખરાબીની પાંઠરનારી જુઠણી દરૂજણીને ઠીક પ્રકારે બંધ બાંધી કરૂં મુશ્કેટાટ. હવાલે કરી હું શાસન* કારણ અષ યાજ્ઞિકો† જોગ. તેઓ તેનો ન્યાય રાસ્તીના ધારાથી કરી તેણીની ખૂનએખ ઉખાડી નાખે. તે આણીગમ ઝુંઇ કે પેલીગમ દીન દુશ્મનોમાં ઉછળવાની કાતેલ કતલ કરનારી તલવાર. એ મહાભારત કામ પાર ઉતરતાં દીનદારોને વેદના દઇ વવાણનાર‡ દગલબાજ જુદદીનો ગમખારીમાં ઉંધા પડી તરફડિયાં ખાઇ ના–હતા થવાના.

પદઃ બાંધી હાથ કરી મુશ્કેટાટ મારૂં દેવી લબાડી.

---

*અમલ. †ક્રિયા કરનાર. ‡છેતરનાર.

૧૫ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈવ્ઓચા અહુરા,
ચેજી અશ્આ અષા પોઈ મત્ ક્ષચેહી,
હ્યત્ હેમ્ સ્પાદા અનઓચંધ્હા જમએતે,
અવાઇશ્ ઉર્વાતાઇશ્ યા-તૂ મઝ્દા દીદેરેઝો,
કુથ્રા અયાઓ કહ્માઈ વનનાંમ્ દદાઓ.

સામનો મુકાબલો. ખુદાની શુભ સલતનતની કીમતી પનાહમાં અમે પડયા છીએ તો તેમાંથી અમારા આતશની સાથે અમારી રક્ષા તારી મહેરબાનીથી આપો આપ ઉભા થયલા યોધ્ધાઓથી થાય છે. વિરુદ્ધ પક્ષો વહેંચાયલા છે એકરારી ને ઇનકારીમાં. એમનો સામના સામનો ફોજી મુકાબલો જંગમાં મંડાશે. ત્યારે ક્રિયા માર્ગના પવિત્ર પ્રયોગો કરી દીનદારોની હિમાયત કરીશું. એથી ખુદાની મદદ દીનદારોને મળે. ત્યારેજ નક્કીપણામાં આવશે કે એ ટક્કરમાં દીનદારો કેવા જીતેલા જંગી બનશે.

પદ: કર મુકાબલો ચાલ આવી જા.

૧૬ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈ વઓચા અહુરા,
કે વેરેથ્રેમ્-જા થ્વા પોઈ સેંગ્હા ચોઇ હેન્તી,
ચિથ્રા મોઈ દાંમ્ અહૂમ્બીશ્ રતૂમ્ ચીઝ્દી,
અત્ હોઈ વોહૂ સેરઓષો જન્તૂ મનંઘહા,
મઝ્દા અહ્માઇ યહ્માઈ વષી કહ્માઇચીત્.

વફાદાર ઉસ્તવાર. મારી હમનબરદને મેદાનમાં કોણ પક્ષ વિજ્યી* નિવડવાની છે પક્કી વકી. દીનદાર માર્ગને બચાવી લેવાનું સરજતમાં એમબી તું સાહેબ જણાવતો જા. એ જંગ માટેના ધરખમ સરદારને અમે પટાભિષેક પાદશાહ કરીએ. તેની તાબેદારી કરવામાં અનજુમન વફાદાર, ઉસ્તવાર રહે એવી રકમનો પાદશાહ બનાવીએ. ખુદા સાહેબ તું ચાહે તે થાઓ. સરદાર દીનદાર પર બરકરાર.

પદ: બનાવીએ નવી રકમનો ધર્મી પાદશાહ.

*ફતેહમંદ.

૧૭ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈવઓચા અહુરા,
કથા મઝ્દા જ઼રેમ્ ચરાની હચા ક્ષ્મત્,
આસ્કેતીમ્ ક્ષ્માકાંમ્ હ્યત્ચા મોઈ ખ્યાત્ વાક્ષ્
અએષો,
સરોઈ બૂજ઼્યાઈ હઉર્વાતા અમેરેતાતા,
અવા માંથ્રા યે રાથેમો અષાત્ હચા.

કરૂં કામ સરંજામ. કરૂં કામ સરંજામ તારી મસલતથી. પદ્દાયલા યજ઼્નોની આરાધનથી થવાની એ કામની પાર પડામણી. માંથ્રવાણીના ભણતરીને બંદગી પુરી થતાં વેત આવી મળે છે આસમાની રક્ષા, સરદારી સુખ, અમરપણ. એવા ઇજતમંદને હસ્તક આવ્યું છે અર્દીબહેશ્ત અમશાસ્પંદના કાબુમાં હોતાં બહેશ્તમાં પહોંચવાનું ભોમ્યાપણું.

પદઃ સદરા કુશ્તી પદ્દાન બંધ આરાધન સાધન.

૧૮ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈ વઓચા અહુરા,
કથા અષા તત્ મીઝ્દેમ્ હનાની,
દસા અસ્પાઓ અર્ષનવઈતીશ્ ઉશ્ત્રેમ્ચા,
હ્યત્ મોઇ મઝ્દા અપિવઈતી હઉર્વાતા,
અમેરેતાતા યથા હી તએઈબ્યો દાઓંઘહા.

રાજ યજ્ઞારંભ.* પાણીદાર ઉંચ કુળ ઘોડીએ અવતરેલા ઉડણા પવનપંથા દશ ઘોડાને એક ઝડપું ઉંટ રાજ યજ્ઞ વિધિ સારૂં મને ક્યારે બક્ષાશે. તે યજ્ઞમાં નીરંગદીનની ક્રિયા પઢામણી થાય. તેને લીધે સઘળા પ્રકારની વિવિધ† સુખ શાંતતા અને ફેરૂજી શત્રુ સામા વિજયીપણું મેળવાય. એ ગૂઢ‡ ક્રિયાનો વિષય મારામાં સર્વથા§ સમજાવો.

પદ : દશ સંખ્યાનો ખંડ મને સમજાવો.

*યજ્ઞની શરૂઆત †અનેક પ્રકારનું. ‡છુપી.
§બધી રીતે.

૧૯ તત્ થ્વા પેરેસા એરેશ્-મોઈ વઓચા અહુરા,
યસ્તત્ મીઝ્દેમ્ હનેન્તે નોઈત્ દાઈતી,
યે-ઈત્ અહ્માઈ એરેઝુખ્ધા ના દાઇતે,
કા-તેમ્ અહ્યા મઇનિશ્ અંઘહત્ પોઉરૂયે,
વીદ્વાઓ અવાંમ્ યા-ઈમ્ અંઘહત્ અપેમા,

દેય તે લેય. એ રાજ યજ્ઞની પૂર્ણાહુતિ* સમાપ્તિ થવે રળાયાં† ઉત્તમ ઈનામ. નથી ફરવાનું કે નથી ધારવાનું એ ઈનામ પરોપકારી પરમાર્થની પુષ્ટિમાં‡ પોતાનાં પુણ્ય પ્રયોજન ફળનો ફાળો ન આપનારને. દેય તે લેય. એ ધારો કુદ્રતના જન્મોત્સવ હીંગામથી વહ્યો આવે છે. ન આપનાર ધણીને તે વિષે વાકેફી રાખવી જરૂરી છે. તેનો યજ્ઞ યોગ અફળ જાય છે. ઉત્પાતીઉં§ ઉલટું ઉભું ઉંધાપણું ઉત્પન્નયું. તેથી મહાન ક્રિયાના બધાં બારીક બિંદુ સમાચાન ઉતારવાં સજાવાર છે.

પદ: દેય તે લેય ને લેય તે દેયજી.

---

*બલિદાનનો સમય. †મળ્યાં. ‡પોષણ; વધારો.
§તોફાની.

૨૦ ચિથેના મજ઼્દા હુક્ષથ્રા દએવા આઓંઘ્હરે,
અત્ ઇત્ પેરેસા ચોઈ પિષ્યેઈન્તી અએઈઝ્યો
કાંમ્,
યાઇશ્ ગાંમ્ કરપા ઉસિક્ષ્ચા અએષેમાઇ દાતા,
યાચા કવા આંન્મેને ઉરુદોયતા,
નોઇત્ હીમ્ મીજ઼ેન્ અષા વાસ્ત્રેમ્ ફ્રાદઇંઘિહે.

દેવ પૂજાશ ન સારા. કદી કાલે દેવ પૂજારા સારા રાજકર્તા નિવડયા છે? જાણ્યું નથી શું વિપત્તિ વ્યાપક ગુસ્સાના દેવ એષ્માએ કયાની ટોળાં પર શું શું વેદના વિપત્તિ ગુજારી. છતે તેને પડખે રહી લડતા છે કરપ બહેરા, કીક આંધળા, ઉસીક લબાડ આશ્મોગ. એઓનાં ધાડાં ધાડ–પાડણીની જોરાવરીમાં મસ્ત બન્યાં છે. અષને પાક મુકામે ઇજાતા રાજયજ્ઞને બીજા યજ્ઞ અભડાવવામાં મથ્યા છે. તેઓ સીધે રસ્તે ઉતરે એમ માનવું મિથ્યા છે.

પદ: કીક કરપ ઉસીક મરો મરો.

ઉશ્તા અહ્માઈ યહ્માઈ ઉશ્તા કહ્માઇચીત્,
વસે-ક્ષયાંસ્ મઝ્દાઓ દાયાત્ અહુરો,
ઉતયૂઈતી તેવીષી ગત્ તોઈ વસેમી,
અષેમ્ દેરેઘાઈ તત્ મોઈ દાઓ આર્મઇતી,
રાયો અષીશ્ વંઘેઉશ્ ગએમ્ મનંઘહો.

(ઉપલો ફકરો બે વખત ભણવો.)

અષેમ વોહૂ ૩. તત્-થ્વા-પેરેસાંમ્ હાઈતીમ યઝમઈદે. યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઈતી વંઘહો મઝ્દાઓ અહુરો વએથા અષાત્ હચા યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યઝમઇદે.

(હા ૪૫)

૧ અત્ ફ્રવક્ષ્યા નૂ ગૂષોદૂમ્ નૂ સ્રઓતા,
યએચા અસ્નાત્ યએચા દૂરાત્ ઇષથા,
નૂ ઇમ્ વીસ્પા ચિથ્રે જી મજ્દાઓંઘ્હોદૂમ્,
નોઇત્ દઇાબતીમ્ દુશ્-સસ્તિશ્ અહૂમ્ મેરાંષ્યાત્,
અકા વરના દ્રેગ્વાઓ હિજ્વાઓ આવેરેતો.

ઉઠાવું મારો પુકાર. ભણું બાપુકાર મિજલસમાં. સૌ જન સમજો માનો, નામો, પ્રણામો, ધ્યાનો. છો જે આવેલ અહીંથી. છો જે આવ્યા તહીંથી. પાસે આવેના! નગર નિવાસીઓ અને ગામના ગામેતીઓ* ચિત્ત ચોડી મનમાં ઉતારો. સમાધાનીથી સાફ સાફ સિધ્ધો તોલ કરો. ચેતો કે પેલો જુઠો મદારી જાદુગર ગુરૂરો બીજી વાર તમને ફાંસમાં લઇને ફરીથી તમારી જીંદગીને પાપાંચમાં ન તાણી જાય. એકવાર તો તમે તેના હાથ પર બરબાદ થયા. તે પાપિયાએ બેશક તમને ડુબાડી દીધા કુનીતિના કુંડમાં.

પદ: નામો માનો પ્રણામો ધ્યાનો.

*કોટવાળ.

૨ અત્ ફ્રવક્ષ્યા અંઘેઉશ્ મઈન્યૂ પોઉરૂયે,
યયાઓ સ્પન્યાઓ ઉઈતી મ્રવત્ યેમ્ અંગ્રેમ્,
નોઈત્ ના મનાઓ નોઈત્ સેંઘ્હા નોઈત્ ખ્રતવો,
નએદા વરના નોઈત્ ઉખ્ધા નએદા શ્યઓથના,
નોઈત્ દએનાઓ નોઈત્ ઉર્વાનો હચઇન્તે.

સદા જુદાં. બુલંદ અવાજે સમજાવીશ હું તમને. પ્રથમ નિપજ્યાં ખલકમાં બે જોડયાં મૂળાંશી ઉલટા સુલટી વૃત્તનાં તત્ત્વો. એઓમાંનાં ઉદાર વૃત્તિ એક્કાં તત્ત્વે પોતા સામેના પાપી તંગ શૂન્યવત તત્વને ઉદ્દેશ્યું.* નથી મળતા આવતા આપણા વિચાર કે હેતુ નથી મળતી આપણી એકસાન† ચિત્તી નીતિ. નથી મળતા આપણા રસ્તા. નથી ઉતરતી આપણી પસંદગી એક સરખી. નથી રૂચતાં આપણને એકમેકની બોલી કે કામ. નથી મેલાં આપણાં હૈયાં. છે સદા જુદાં.

પદ: સ ક‡ છે મિશ્ર તાય નિત્ય અલગ પ્રત્યેદ.

---

*કહ્યું †એકરૂપ. ‡સારાં અને ખરાબ.

૩ અત્ ફ્રવક્ષ્યા અંઘહેઉશ્ અહ્યા પોઉર્વીમ,
યા મોઈ વીદ્વાઓ મઝ્દાઓ વઓચત્ અહુરો,
યોઈ ઈમ્ વે નોઇત્ ઈથા માંથ્રેમ્ વરેષેન્તી,
યથા ઇમ્ મેનાઇચા વઓચચા,
અએઈબ્યો અંઘહેઉશ્ અવોઈ અંઘહત્ અપેમેમ્.

નિચાણુતામાં પણ નિચી. મહા જ્ઞાની સાહેબે અવલમાં દુનિયા રચતી વખતે સ્પષ્ટ કર્યું. પવિત્ર માંથ્રવાણીનો અમલ ન કરનાર જન નાતાબેદાર અુ-આર્યમન ઠર્યો. તે **અમલ** જરથુશ્ત્રના જેવી સદ્ વિચારના વેગની રીતે થવો જોઇએ. ન કરનારનો ઠાર નિચાણુતામાં પણ નિચા ઉંડી ગારનાં કાળાં, ભારાં લીપટાણામાં.

પદ: ભારાં પાપ કાળો આત્મા લીપટાણો.

૪ અત્ ફ્રવક્ષ્યા અંઘ્હેઉશ્ અહ્યા વહિશ્તેમ્,
અષાત્ હચા મજ઼્દા વએદા યે ઈમ્ દાત્,
પતરેમ્ વંઘ્હેઉશ્ વરેજ઼્યન્તો મનંઘ્હો,
અત્ હોઈ દુગેદા હુષ્યઓથના આર્મઇતિશ્,
નોઈત્ દિવ્જ઼ઈધ્યાઈ વીસ્પા-હિષસ્ અહુરો.

ખુલ્લું પ્રગટ. કહું છું તેથી ખુલ્લું પ્રગટ. જગતની શ્રેષ્ટ નૂરાની જોજો કે સમાયલી છે અષના રોશનક તેજસ્વી આતશ પંથમાં. પ્રારંભથીજ અષની ઉમેદગી કરી છે અહુરા મજ઼્દાએ. બીજાં તત્ત્વો પર સર્વોપરી કરાવી તેને તખ્તનશીનીમાં કાયમ. જાત મહેનતે રળી ખાનાર માજ઼્દયસ્નાનો ઉપર અહુરમજ઼્દ છે બાપ સમાન નેકનામ કદરદાન મહેરબાન. સદ્દગુણી અંતકરણની સરદારણ સાહેબાણુ સ્પેંદાર્મદ તેમની પુત્રી. હૈયાનાં હેતથી તેમને ત્યાં શુભ કાજ કરનારી છે. ખુબ ખબર રાખે છે બધી રીતની ખબર નથી તેનેથી કશી પાંતીનું છુપું.

પદ: મનરે, પ્રગટ કિરણ, કર શુધ્ધ અંતકરણ;
શ્રા આગાહવંત, શંકામાં ના ગોટું ખા.

૫ અત્ ફ્રવક્ષ્યા હ્યત્ મોઈ અઓત્ સ્પેન્તોતેમો,
વચે સ્રૂઇધ્યાઇ હ્યત્ મરેતએઇબ્યો વહિશ્તેમ્.
યોઇ મોઈ અહ્માઈ સેરઓષેમ્ દાંન્ ચયસ્ચા,
ઉપા-જિમેન્ હઉર્વાતા અમેરેતાતા,
વંઘ્હેઉશ્ મન્યેઉશ્ બ્યઓથનાઇશ્ મઝ્દાઓ
અહુરો.

કહી દીધાં. કહી દીધાં છે મેં તમને ખુદાનાં કહેલાં પ્રિય વચન. તે ગોખવાં તમારે. મનુષ્ય જાતનાં મૃત્યુ લોક માટે એ વચન સુખકર* છે. તેમને શરણે તમારાં ચિત્ત લાવી તમે ખુબ સાવધ રહો. પછી કરવું ખુદાનું છે તો તેથી તમને સુખ, તંદરોસ્તી અને ચિરકાળની† અમર યાદગીરી મળશે.

પદ: છે પ્રત્યેક ચીજની ફ્રવશી પ્રારંભમાં.

*સુખ ઉપજાવે એવું. †લાંબા વખત.

૬ અત્ ક્રવક્ષ્યા વીસ્પનાંમ્ મજ઼િશ્તેમ્,
સ્તવસ્ અષા યે હુદાઓ યોઈ હેન્તી,
સ્પેન્તા મઈન્યૂ સ્રઓતૂ મજ઼્દાઓ અહુરો,
યેહ્યા વહ્મે વોહૂ ક્રષી મનંઘહા,
અહ્યા ખ્રતૂ ફ્રો-માં સાસ્તૂ વહિશ્તા.

સ્તુત્ય* કુનશની. માજ઼્દયસ્ની કરતબ્યો નામોમાં ઘણી સ્તુત્ય ગણાતી એક કુનશની હું તમને જણાવું છું. ગરીબા ગરજાઉને સખી દિલે દેજો દાન. બુલંદીની પણ બુલંદી પર હોતી દાદારની દરગાહમાં ચઢવા દેજો સુગંધી ખેરાતનો વધતો જતો પમરાટ. કેમકે ખુદાએ પણ મોટાં સખી દીલથી ઉતાર્યાં મારામાં દીન દાનેશનાં શુભાખીત ડહાપણ. દીનદાર લોકનાં ભલાં વાસ્તે. જુદ્દદીનોના નાશ વાસ્તે.

પદઃ કહો સખી દિલની બોલબાલા.

*સ્તુતિ કરવા લાયક.

૭ યેહ્યા સવા ઇષાઓ-ન્તી રાદ'ઘ્હો,
યોઈ-જી જ્વા આઓંઘ્હરેચા બ્વન્તિચા,
અમેરેતાઈતી અષાઉનો ઉર્વા અએષો,
ઉતયૂતા યા નેરાંશ્ સાદ્રા દ્રેગ્વતો,
તાચા ક્ષથ્રા મઝ્દાઓ દાંમિશ અહુરો.

ફ્રવષી મૂળો. લાજમ છે વિદ્યાધર આશ્રવનોને સાહેબના બક્ષેલા અગણિત ફાયદાઓ માટે શુકરાનાનો સેજદો અદા કરવો. આતશના કેબલા ઉત્તમ દ્રવ્યો હોમતે હોમતે. થયાં, થતાં, થવાનાં એવાં બધાં મૂળોની ફ્રવષીની યાદની સ્મરણાર્થે ભણતરમાં તેઓએ સ્થાપીત કરવી. એ મહાત્મ્યના મહિમામાં આશ્રવનોની ફ્રવષી સદા છે તત્પર. અણ-માનનાર જુદદીનની ફનાહકારીનાં દ્રષ્ટાંત પણ તીખટ* ટાણાટમાં તેઓ નોંધતાંજ છે. અહુરમજ્દ સાહેબની સમ આધારી હકુમતમાં એ ફરજો તેમને સર ચોંટી ચૂકી ચિરકાળ† ચોકસ.

પદ: ભણતર સ્મરણ નામ પૂરણ.

*તીખું. †લાંબો વખત.

૮ તેમ્ ને સ્તઓતાઇશ્ નેમંઘ્હો આ વીવરેપો,
નૂ-જીત્ ચષ્મઈની વ્યાદરેસેમ્,
વંઘ્હેઉશ્ મન્યેઉશ્ ષ્યઓથનહ્યા ઉખ્ધખ્યાચા,
વીદુશ્ અપા યેમ્ મઝ્દાંમ્ અહુરેમ્,
અત્ હોઈ વહ્મેંગ્ દેમાને ગરો નિદામા.

ભોગ આપીએ. સારા ભોગ આપીએ, બંદગી પઢીએ. નમસ્કાર કરીએ. સાહેબ આગળ હાથ ઓળીએ. આધીન અધીનતાથી* આરાધન કરીએ. પૂજા પ્રયોગે તેમનાં સાક્ષાત† દર્શન પામવા જેટલા મુબારક ફ્લ નિવડીએ. સત્ય મનન, વચન, વર્તનનો જે મુખત્યાર માલેક છે. જે આતશ જોશની મદદથીજ આપણી નજરે આવે છે. અય જીવ! એ સાહેબની સ્તુતિની ઉઠાવ લલકારીને રણકારાની ધ્વની. અય ઓ રાગ! તું ગા, જા, ચઢ, પઢ આરાસ્તગીની રોનક મઢાયલા સરોદસ્તાની ગરોદેમાની ખુદાઇ દરગાહનાં બેશુમાર બુલંદીનાં મરતબાત્રાળાં મકાને.

પદઃ ગા જા ચઢ પઢ જીવ વેર સવેણાં.

---

*તાબેદારી. †સ્પષ્ટ.

૯ તેમ્ ને વોહૂ મત્ મનંઘ્હા ચિક્નુષો,
યે–ને ઉસેનૂ ચોરેત્ સ્પેન્ચા અસ્પેન્ચા,
મઝ્દાઓ ક્ષથ્રા વેરેઝેન્યાઓ ધાત્ અહુરો,
પસૂશ્ વીરેંગ્ અહ્માકેંગ્ ફ્રદથાઇ આ,
વંઘ્હેઉશ્ અષા હુઓઝાંથ્વાત્ આ મનંઘ્હો.

પુણ્યે ખીલે. સંતોખો* ખુદાને ચોકખી મન શક્તિથી. પ્રફુલ્લિત† થાય છે પુણ્યથી ફૂલ કુદરત ખુશ ખુશાલીમાં ખીલી હરખાઇ. સંકોચાય છે સંકડામણમાં પાપથી હીણાઇ, રંજીદા થઇ. ફેલાવો પામો એ સાહેબની સલતનત ધર્તિ માયને કેળવી, ખીલવી આબાદીમાં લાવનાર જમીનદાર જાગીરદારોમાં. ફેલાવો તેવણની હકુમત વળી ગોસ્પંદોનાં ગોવાળાંના વણજારી વર્ગમાં. તપો તેમના પર અમર માઝ્દયસ્ની દીનની છત્ર છાયા. બહમનની વિવેકી રેહણીવાળા થઇને આવે તેમનામાં અમીરી ખવાસ. થાય યોગ્ય ઉમરાવી ઉપમાની ઉંચી પદવી ધારણ કરવા.

પદ: ખુદા કુદરત ખુબ ખીલી ખુશાલીએ.

*સંતોષ આપો. †ખીલેલું.

૧૦ તેમ્ ને યસ્નાઈશ્ આર્મતોઈશ્ મિમદ્ઝો,
યે આંન્મેની મઝ્દાઓ સાવી અહુરો,
ક્ષત્ હોઈ અષા વોહુચા ચોઇશત્ મનંઘહા,
ક્ષથ્રોઈ હોઈ હઉર્વાતા અમેરેતાતા,
અહ્માઈ સ્તોઈ દાંનૂ તેવીષી ઉતયૂઈતી.

ગમનાચારાધિપતિ.* મચો યશોગાને તેનું મહત્વ ચોકખા યજ્ઞમાં ગાવાને. છે તે ગમનાચારાધિપતિ ગતિ† પ્રગટીકરણ હીલક, ચાલક જીવણ શક્તિનો ખરો ખાવિંદ. સ મનશ્નીનું ધુમણ તેણેજ પોતાની પૂર્ણ પાક પરહેજગાર સ્વેચ્છાથી ચાલુ કર્યું. તાત્પર્યમાં‡ ચલાયમાન થયા સુલેહ અમરતાના વેગ.§ આશરો આપ્યો હમેશને માટે પવિત્ર આર્યન ભૂમને તેણે એ એ શક્તિઓથી.

પદઃ સ મન ધુમણ જીવન જન્મ ગત ગમન પ્રચાર.

*ચાલ અને રીતભાતનો ઉપરી. †અવસ્થા; દશા.
‡ધારણા. §ગતિ.

૧૧ યસ્તા દએવેંગ્ અપરો મષ્યાંસ્ચા,
તરે-માંસ્તા યોઇ ઇમ્ તરે-મન્યન્તા,
અન્યેંગ્ અશાત્ યે હોઈ અરેમ્ મન્યાતા,
સઓષ્યન્તો દેંગ્ પતોઈશ્ સ્પેન્તા દએના,
ઉર્વથો બરાતા પતા વા મઝ્દા અહુરા,

મિત્ર, બિરાદર, પિદર. દેવ દૈતના જુઠા જુદદીન માર્ગને માલમતામાં મેળનાર. તેવા માર્ગથી નોખા* પડી માઝ્દયસ્નાનોનો ઉધ્ધાર† કરનાર. અહુરમઝ્દના મોટા મઝહબને ચુસ્ત શ્રધ્ધાથી‡ માનનાર. એવા લોકનો છે ખુદા મિત્ર, બિરાદર, પિદર.

પદ: સાહેબ છોજી અમારા મિત્ર, બિરાદર, પિદર.

---

*જુદા. †મુક્તિ ‡વિશ્વાસ.

ઉશ્તા અહ્માઈ યહ્માઈ ઉશ્તા કહ્માઇચીત્,
વસે-ક્ષયાંસ્ મજ્દાઓ દાયાત્ અહુરો,
ઉતયૂઈતી તેવીષી ગત્ તોઈ વસેમી,
અષેમ્ દેરેઘાઈ તત્ મોઈ દાઓ આર્મઇતી,
રાયો અષીશ્ વંઘેઉશ્ ગએમ્ મનંઘો.

(ઉપલો ફકરો એ વખત ભણવો.)

અષેમ્ વોહૂ ૩. અત-ફ્રવક્ષ્યાંમ્ હાઈતીમ્ યજ્મઈદે. યેંઘે હાતાંમ્ આઅત્ યેસ્ને પઈતી વંઘો મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા યાઓંઘહાંસ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજ્મઇદે.

(હા ૪૬)

૧ કામ્ નેમોઇ જાંમ્ કુથ્રા નેમોઈ અયેની,
પઇરી ખ્એતેઉશ્ અઇર્યમનસ્ચા દદઈતી,
નોઇત્ મા ક્ષ્નાઉશ્ યા વેરેજેના હેચા,
નએદા દખ્યેઉશ્ યોઈ સાસ્તારો દ્રેગ્વન્તો,
કુથ્રા થ્વા મજ્દા ક્ષ્નઓશાઇ અહુરા.

ઢળું કઈ ધરણી.* ઢળું કઇ ધરણી. જાઉં કણી કોર. જાની મિત્રોને અતલગ રાજપુત્રોની ભરતી કરવા ખાતર. સંખ્યામાં છે શાગેર્દો કમતી. જમીનદાર ગામેતીઓ† લાયકાતમાં નથી પુરા. નથી દિલને દિલાસો કે નથી મનમાં સધ્યારો પ્રાંતના કુફ્ર‡ હાકમોની ટક્કર ટકવામાં. નાઉમેદીના વમળમાં પડેલા મુંઝવણે નાખતા જંજાળી મામલા મધ્યે કેમ કરી પુરો સંતોખી§ શકીશ, રે મારા મનના પ્યારા અહુરા મજ્દા તને હું.

પદ: સંકટ કષ્ટ વેષ્ટીત પ્રાણ ઢળે કઇ ધરણી.
પદ: આશ નિરાશ થઇ મન મારી શું હાલ બેહાલ તરમરીયાં.

---

*ભૂમિ. †કોટવાળ. ‡કાફર. §સંતોષ આપીશ.

૨ વએદા તત્ યા અહ્મી મઝ્દા અનએષો,
મા કમ્નફ્ષ્વા હ્યત્ચા કમ્નાના અહ્મી,
ગેરેઝોઈ તોઈ આ-ઈત્ અવએના અહુરા,
રફેઘ્રેમ્ ચગ્વાઓ હ્યત્ ફ્રયો ફ્રયાઇ દઇદીત્,
આખ્સો વંઘ્હેઉશ્ અષા ઈશ્તીમ્ મનંઘ્હો.

સ્વાર્થ રહિત* પુરૂષ. છું સ્વાર્થ રહિત પર હિતાર્થી પુરૂષ હું તો. છે મને માલમ કે શી પયગમ્બરી કારેવાઇ માટે હું ઠેરવાયો છું. છો તો મારો ચેલો ટોળો ઓછો આછો. કમ છે મારા પાસે લાયકો. સાધનોની ગરજ ઘણી છે પડી. તેથી રે મારા પ્રાણના પ્યારા સાહેબ! નેક નેગાહથી નજર તારી તું પુગાડ તુરત મારા માર્યો ફરીયાદ પૂકાર પર. આશનાવ આપે દીલજાનીને તેવી મહેરબાન મદદ આપ સંકટ સમયમાં તું. આતશી પંથની નૂરાનીની ઉછેરણી, ખીલવણી, વધારણી ખાતર મારા મનમાં ઉતાર તું બહમનની મન સમાધાનીનો સંજોગ.

પદ: રે ગાભરાં દિલ સમાધાન થા.

*વગરનો.

૩ કદા મઝ્દા યોઈ ઉક્ષાનો અસ્નાંમ્,
અંઘ્હેઉશ્ દરેથ્રાઈ ફ્રો અષહ્યા ફ્રારેન્તે,
વેરેઝ્દાઇશ્ સેંગ્હાઇશ્ સઓષ્યન્તાંમ્ ખ્રતવો,
કએઇબ્યો ઊથાઈ વોહૂ જિમત્ મનંઘ્હા,
મઇબ્યો થ્વા સાંસ્તાઈ વેરેને અહુરા.

એલમની જૂમ.* એલમની જૂમવાળાં માઝ્દયસ્નાન પંડિતના ઝુમખા ક્યારે મારે ત્યાં આવી મળશે ધસી ધામી. ઢુંઢવામાં જુદદીન ટોળાંની સંફ ફાંસી ફોડી ફાડી ક્યારે તેઓ ફત્તેહમાં ફાવી ફડકાવશે બુલંદ ઉઠાવેલા ઝુંડા. આતશ પંથની બિલકુલ બલિહારીના બાગ બસંતિ બહારમાં ક્યારે ફેલાવશે. અણ-ફીસબી ઘોંટાલામાંથી છુટો પાડીને પાકી ગોઠવણીનો સખત કરડો પાદશાહી શહેરેવરી બંદોબસ્ત ક્યારે કરશે. પયગમ્બરે શરૂ કરેલી કોશીશને ક્યારે પમાડશે પરિપૂર્ણતા.† કેબલેએ આલમ ખુદા સાહેબનાં ગુરુત્વ સખુનોથી શણગરાયલા ગેબી પાઠ ક્યારે શિખવી રહેશે. ક્યારે ધાશે પયગમ્બર તેમની પુષ્ટિમાં ઝટ. ભેદી ખુદાની બાબતો ઉપર કાબુ ધરાવતા સાહેબ તારી પિછાનત પર મારી એ વિષેની આરજુમંદી જોડું છું.

પદ: બિલકુલ બલિહારી બગીચા બહાર બધેબધ.

---

*ઉત્સાહ. †સંપૂર્ણતા

૪ અત્ તેંગ્ દ્રેગ્વાઓ મેંગ્ અષહ્યા વજ્દ્રેંગ્ પાત્,
ગાઓ ફ્રારેતોઈશ્ ષોઈથ્રહ્યા વા દખ્યેઉશ્ વા,
દુજ્જોબાઓ હાંસ્ ખાઈશ્ શ્યઓથનાઈશ્ અહેમુસ્તો,
યસ્તેમ્ ક્ષથ્રાત્ માંજ્દા મોઈથિત્ જયાતેઉશ્ વા,
હવો તેંગ્ ફ્રો-ગાઓ પથ્મેંગ્ હુચિસ્તોઈશ્ ચરાત્.

બુરા સુબા. રસ્તે શેરીએ મારાં લોકને રોકીને નાતરસ દીન દુશ્મન દુષ્ટો આતશ પંથનો વધતો જતો દરજ્જો હીણી હરકતે હરાવવા મંડ્યા છે. જમીનદારોમાં તેમજ પ્રાંતિક શહેરી કસ્બાના વસવાતીઓમાં. ભુંડા આચરણના છે તેઓ આદર સત્કાર કરનાર ઉપાસક. રૈયતને તેઓએ દગાવીજ. જુલમ તો ગુજારવોજ. મારા પ્રમાણિક દીનદારોને પોતાની હદમાંથી ફટકાવી કાઢે છે અગર જીવથી મારે છે. તરકટીઓ અમારી ફીકર કરે છે કે કયાની ટોળાનું ભલું શી રવેશે કરવું તે તેમને સારી માફક આવડે છે.

૫૬ : ગુજારે જુલમ જાલેમ ધણેએ.

૫ યે વા ક્ષયાંસ્‌ અદાંસ્‌ દ્રોતા અયન્તેમ્‌,
ઉર્વાતોઇશ્‌ વા હુજેન્તુશ્‌ મિથ્રોઇબ્યો વા,
રષ્ના જ્વાંસ્‌ યે અષવા દ્રેગ્વન્તેમ્‌,
વીચિરો હાંસ્‌ તત્‌ ફ્રો ખ્એતવે મ્રુયાત્‌,
ઉઝૂઇથિયોઈ ઈમ્‌ મઝ્દા ખ્રૂન્યાત્‌ અહુરા.

બળવાખોર કચડાયા. શીકસ્ત ખાધેલા તુટેલા શત્રુને માઝ્દયસ્નાન પાદશાહ નથી કદી આશરો આપતો. તેમાં તો તે પોતાની ફરજ અદલ અને સ્તુત્યસ્તપણે અદા કરે છે. પોતાની દીન સામા થનાર દુશ્મન માર્યા ધક્કલાએ જુદા હડસેલી દેય છે. પછી પેલો ચુગલ ચાડિયો પોતાના અધર્મી મુરબ્બી પાદશાહના કાન ભંભેરી શેખાયત કરે છે. દીનદારાંના શાહનાના યારાંના સાહેબાના મહેરબાન સુલતાના માઝ્દયસ્નાન પાદશાહ જરાએ એવી ગીબતને ગણકારતો નથી. પછી ગમે એટલો જગાવે ફિતનો પેલો નિંદાખોર. વિઘ્નના વિનાશક* ખુદા સાહેબ. તું તો નાખશેજ કચડી એ બળવાખોરોને.

પદઃ દીનદાર જ્યાં દીન દુશ્મન ત્યાં.

---

*નાશ કરનાર.

૬ અત્ યસ્તેમ્ નોઈત્ ના ઇસેમ્નો આયાત્,
દ્રૂજો હુવો દામાંનૂ હઈથ્યા ગાત્,
હુવો જી દ્રેગ્વાઓ યે દ્રેગ્વાઇતે વહિશ્તો.
હુવો અષવા યહ્માઈ અષવા ફ્રૂયો,
હ્યત્ દએનાઓ પઓઉરૂયાઓ દાઓ અહુરા.

ઉંડા ખોહ. જંગનો ઝુંડો ઉઠાવનાર નવા દીનદાર તખ્તનશીન પાદશાહની જેહનાતમાં તાબેદારીની કમર બાંધવામાં કસર કરનાર શખસ જરૂર હોમાવાનો મક્કરબાજ દરૂજ દેવીના ઉંડા ખોહમાં. ટાંપેલી તો છેજ એ દૈત્યન શિકારને વિપત્તિની વિટંબણામાં* વીંટાલવા સત્ય ધર્માધારી, પરમેશ્વર પૂજારી પાદશાહ એ પાપીણીની સામા થઇ ભયંકર ચિત્તે ઘાણ કાઢશે તેનો. ભલી દીનના શ્રધ્ધાળુ† લોકને ગણશે એ પાદશાહ પોતાના ઇષ્ટ મિત્ર જેવા એક સરખી પ્રાંતના. એ નિયમો પડયા છે પઓઇર્યોદકેશીને વખતના. જ્યારે જગકર્તાએ સર્વે આત્મીક ફ્રવષીઓની આકૃતિના ઘડયા ઘાટ.

પદ: એવક્ષ ગરક ગયો, નર્ક ઉંડાણે, નિદાન‡ નિચાણે.

---

*દુ:ખ. †વિશ્વાસુ. ‡છેવટે.

૭ કેમ્-ના મઝ્દા મવઇતે પાયૂમ્ દદાત્,
હ્યત્ મા દ્રેગ્વાઓ દીદરેષતા અએનંઘ્હે,
અન્યેમ્ થ્વહ્માત્ આથ્રસ્ચા મનંઘ્હસ્ચા,
યયાઓ શ્યઓથનાઇશ્ અષેમ્ થ્રઓશ્તા
અહુરા,
તાંમ્ મોઇ દાંસ્ત્વાંમ્ દએનયાઇ ફ્રાવઓચા.

સર્વોતમ મઝ્દા સાહેબ. ઉંધા જુદદીન કેટલા કકડાઉ ણુની ખ્યોન્યા કિનો લેવાના વળગેલા વળગાડમાં મારા અને મારાવાળાઓ ઉપર અમે આતશી કેબલા સનમુખ સમાધમાં બેઠા હોતામાં આવે ધસી તે પ્રસંગે જે બે પોતાવતપણાંવાળી શક્તિઓ દીનના જ્ઞાનની શ્રેષ્ટતા પ્રસિધ્ધ કરે તો એ બન્ને શિવાય કોણ કશી આતશ યોગી અને મનવેગી સંહારક, સંસકાર બાણ પ્રવાહો.

૮ યે વા મોઈ યાઓ ગએથાઓ દજ઼્દે અએનંઘહે,
નોઈત્ અહ્યા-મા આથ્રિશ્ બ્યઓથનાઈશ્
ફ્રોસ્યાત્,
પઈત્યઓગેત્ તા અહ્માઇ જસોઈત્ દ્વએષંઘહા,
તન્વેમ્ આ યા ઈમ્ હુજ્યાતોઈશ્ પાયાત્,
નોઇત્ દુજ઼્જ્યાતોઇશ્ કાચીત્ મજ઼્દા
દ્વએષંઘહા.

વસિયત. આતશ કેબ્લા સનમુખ હું એકચિત્ત બંદગી કરતો હોઉં તે વખતે મને ન નજર પડતો એ ખુની મારૂં ધ્યાન ચુકવે. પ્રતિજ્ઞા* તેણે કરી છે મેં અભિષેક કરેલી† અષ સંસ્થાઓને એબ્મ દરૂજને તાબે આપી ખુનમાં ડુબાડવાની. પાપી સળગી જઇ કીધાં કરતુકની સજા પામવાનો. પોતા ઉપર ઉપજાવેલા તિરસ્કારનું ફળ ચાખવાનો. મા ઉતરજો રે ખુદા એવો કશો કહેર ભલા દીનદારો પર. એ બુરાના ભોગ થતાં તેઓ પાછા પડજો.

૫૬: સંહારક વીજળી પ્રગટશે તસબીમાંથી.

---

*સોગંદ. †સ્થાપેલી.

૯ કે હુવો યે-મા અરેદ્રો ચોઇથત્ પોઉરૂયો,
યથા શ્વા જેવીશ્તીમ્ ઉજેમોહી,
બ્યઓથનોઇ સ્પેન્તેમ્ અહુરેમ્ અષવનેમ્,
યા-તોઈ અષા યા અષાઈ ગેઉશ્ તષા અઓત્,
ઇષેન્તી મા તા તોઈ વોહૂ મનંઘહા.

હોય કોઈ લાલ. એવે વખતે નિકળશે એવો કોઈ ખુદાનો લાલ કે મારે ખાતર મારા સંપ્રદાયની પોસ્તેપનાહી કરે? છુટે હાથે મદદ કરવા ઉલટથી મથે. તો પછી તેવાની સરદારી હેઠળ બધા સર્વે ભેગાં બળથી ખુદાની હેશાનમંદીની ધુનમાં લીન થઇ તેની તારીફમાં બંદગી લલકારતાજ જશે. કેટલો કરશે તુષ્ટમાન* તે સાહેબને આતશ પાત્ર સનમુખ કરેલાં ક્રિયા કામથી. ખુદાનાં પેદા કરેલાં મંત્રોક્ત† શબ્દોચારી.‡ સરોદ લલકારી ભણ્યાં ગણ્યાં ગાયાં ગાયનોથી. સ્વચ્છ મને શોધનાર પવિત્ર સાધ§ પુરૂષનેજ એ વસ્તુ વાનાં કલ્યાણકારક તથાસ્તુ.||

પદ: હક અલેકનાં લલકાર્યાં ગજલ લેહરયાં.

---

*સંતોષ પામેલું. †મંત્રો બોલવાં. ‡શબ્દો બોલી. §સાધુ. ||તેમ થાઓ.

૧૦ યે વા મોઈના ગેના વા મજ્દા અહુરા,
દાયાત્ અંઘ્હેઉશ્ યા-તૂ વોઈસ્તા વહિશ્તા,
અષીમ્ અષાઈ વોહૂ ક્ષથ્રેમ્ મનંઘ્હા,
યાંસ્ચા હક્ષાઈ ક્ષ્માવતાંમ્ વહ્માઇ આ,
ફ્રો-તાઇશ્ વીસ્પાઇશ્ ચિન્વતો ફ્રફ્રા પેરેતૂમ્.

પરીક્ષક પૂલ. એવાં બી છે મરદ યા ઓરત. આપી દીધી તેઓએ બનામે ખુદા જીંદગીમાં જમાયલી જીવિત જોર વસ્તુ. પવિત્રાઇનો પરતો* મેળવવા કાજે પરહેજગારોથીજ એવાં મહા પ્રમાણું વાનાં અપાય છે. સબબ તે લોકે વિષય વિકાર† વૃત્તિનો‡ સારાં મનથી કાબુ કર્યો છે. સૂરીલા કંઠે તારી તારીફ ગાવા એવા લોકનેજ હું આગળ પાડી પછી બેધડક તારી પાસે તેઓ સહિત ચાલી આવું. ખરૂં ખોટું તારવી કાઢનાર ધારણ ધારી સક્ષ્મો વિખુટાં કરનાર ચિનવદ પૂલ ઉપરથી.

પદ: ખરો પરીક્ષક છે ચિનવદ પૂલજી.

---

*પ્રતાપ. †ખરાબ ઇચ્છા. ‡નિષ્ઠા.

૧૧ ક્ષશ્રાઇશ્ યૂજેનૂ કરપનો કાવયસ્ચા,

અકાઇશ્ ષ્યઓથનાઇશ્ અહૂમ્ મેરેન્ગેઇદ્યાઈ
મષીમ્,

યેંગ્ ખ઼ે ઉર્વા ખ઼્અેચા ખ્રઓદત્ દએના,

હ્યત્ અઇબી-ગેમેનૂ યથા ચિન્વતો પેરેતુશ્,

યવોઈ વીસ્પાઈ દ્રૂજો દેમાનાઈ અસ્તયો.

પાપીનો પ્રેજ. કરપન અને કવી લોકે જખુન કુકર્મો કરી કસદ કીધો છે ઇનસાનોની સારી જીંદગીનો નાશ કરવા. એવી મકસદથી કરી છે એકત્રતા તેઓએ બદજાત હાકેમો સાથે. દુષ્ટતાથી કાળા પડી પાપને ભારે લધાયલા તેમના પ્રાણ તીણી ધારાળા ચિનવદ પૂલને પાવડે ધ્રુજતાં દિલે ચઢશે. ટંટોસ્તાં, ઠોકરાતાં તેમની પલીત કાયા કારમી ચિચાડી પાડશે. ચીસ પાડતેનેજ ગગડી જશે દરૂજ દેવીનાં ઉંડાણ હેઠાણમાં ચૂસણ શક્તિથી સોસાઇ, આકર્ષાઇ જઇને. ડુબી ડોવાઇને સડશે છેકના છેડા લગી.

૫૬ : ચૂસાય કારમી કાયા પાડી ચીસ પછી ખોહમાં ખોવાય.

૧૨ હ્યત્ ઉસ્ અષા નપ્ત્યએષૂ નફ્ષુચા,
તૂરહ્યા ઉજ્જેન્ ફ્ર્યાનહ્યા અઓજ્યએષૂ,
આર્મતોઈશ્ ગએથાઓ ફ્રાદો થવક્ષંઘહા,
અત્ ઈશ્ વોહૂ હેમ્ અઇબી-મોઈસ્ત્ મનંઘહા,
અએઈબ્યો રફેધ્રાઈ મઝ્દાઓ સસ્તે અહુરો.

નવું ચલાણ. મારા અતલગ ખેશી, રાજવંશી વર્ગમાં તેમજ બીજી બધી જ્ઞાતમાં ઉત્તમ લેખાતા ફ્રીયાન નામના ટોળામાં અવતરશે નામીચો નૂરી નર. ત્યારે થશે પવિત્ર અંતકરણ ઘડનારી સુઘડતાની સરદારણ આર્મઇતીનાં સંસ્થાનોનું સુધારા વધારામાં પુષ્કળ પૂર્ણતા પામવું. પાકીના પાવમેહલની રૂડી રૂઢી ને નેક નિષ્ઠિત ખસલતોનું જોર દીનદારોમાં નિશ્ચય ઘણું ઉતરશે. તમામયત વખતે માઝ્દયસ્ની દીનદારી અર્થે અહુરમઝ્દ સાહેબનો અંશ ધર્મીઓ સાથે એક તારો થશે. કૃપાળુ દયાળુતાથી ખુદા હુકમ ફરમાવશે દુનિયાનાં ભલાં કાજે ફરેસ્તાઇ હાલતમાં મુકરર કરવા.

પદ: પાવમેહલની ખાલેસ ખસલત.

૧૩ યે સ્પિતામેમ્ જરથુશ્ત્રેમ્ રાદંઘ્હા,

મરેતએષૂ ક્ષ્નાઉશ્ હુવે–ના ફેરસૂઈધાઈ
એરેઢ્વો,

અત્ હોઈ મઝ્દાઓ અહૂમ્ દદાત્ અહુરો,

અહ્માઇ ગએથાઓ વોહૂ ફ્રાદત્ મનંઘ્હા,

તેમ્ વે અપા મેહ્માઈદી હુશહખાઈમ્.

પ્રસન્નતા ખેંચવી. ઘટે છે જરથુશ્ત્રની પ્રસન્નતા ખેંચનારને કે કિમતી તોફા નજર સારૂં ધરાવે. હાજરીમાં તાબેદારીથી અને ઈંતેજારીથી ખડા રહી તેના નાદર બોધ સમજવાની પોતાની લાયકાત સાબેત કરે. તેણે દરૂસ્ત પોતાની જીંદગીનું સાર્થક સફળ કર્યું. સબકની ચમક સમજવાને લીધે તેનું મન ભલાપણાં ભેળું ભેળવાયું. એટલું બધું એ કામમાં મચ્યું કે માઝદયસ્નાન દીનના સંપ્રદાયને પૂર્ણ સુધારાનાં મથાળાં પર ચઢાવવાની હોંશમાં તે રાત દીન મન મગ્નતાની મથને મચી મંડ્યો.

પદ: મન મગ્નતા મથને મંડ્યો.

૧૪ જરથુશ્ત્રા કસ્તે અષવા ઉર્વથો,
મજોઈ મગાઈ કે વા ફેરસ્રૂઈધ્યાઈ વશ્તી,
અત્ હુવો કવા વીશ્તાશ્પો યાહી,
યેંગ્સ્તૂ મજ્દા હદેમોઇ મિનશ્ અહુરા,
તેંગ્ જ્બયા વંઘ્હેઉશ્ ઉખ્ધાઇશ્ મનંઘ્હો.

વીશ્તાસ્પનું બેહેશ્ત. જરથુશ્ત્રના મોબેદી વર્ગમાં સાચો મિત્ર હોતો શખસ પહોંચ્યો મહા મથવનને મરતબે. દીક્ષા* સાંભળવામાં છે તે ઘણો જિજ્ઞાસુ. એઓની સંઘમાં યજ્ઞ રક્ષક તરીકે છે પહેલવાનદાર બાજુનો ધરાવનાર કયાની પાદશાહ ગુશ્તાસ્પ. ગુલચમનના ગજરા ગુંથેલા જેવા બેહેશ્તના દર્શન કરવાની ખાહેશ એને મન ઉભી થઇ છે. એ પોતાની નેક મુરાદમાં ફાવશે. સ્વચ્છ બંદગી તેને માટે હું કરીશ. તને તેડવાના કલામોની ધ્વનિ ધમધમાવી તને હુંકારીશ અને મુરાદ માગીશ.

પદ: રે અમસાજી તારૂં ઉગારૂં શી રવેશ તુંજી.
મારૂં નિવારૂં જડતા મન મુંઢતા હુંજી.
ગુલચમનના ગુંથું ગજરા ગાતે ગાતેજી.

*શિખામણ.

૧૫ હુએચત્‌-અસ્પા વક્ષ્યા વે સ્પિતમાઓંધ્હો,
હ્યત્‌ દાથેંગ્‌ વીચયથા અદાથાંસ્ચા,
તાઇશ્‌ યૂશ્‌ વ્યઓથનાઇશ્‌,
અષેમ્‌ ક્ષ્મઇબ્યા દદુયે,
યાઇશ્‌ દાતાઇશ્‌ પઓઉરૂયાઇશ્‌ અહુરહ્યા.

રવા ના રવા. હુએચતસ્પિ સ્પીતમ ખાનદાનના મારા ખેશાવંદીઓ. રવા તથા ના રવા નિરખી* નોખું† કરવાના નિયમ તમને ખબર છે પ્રથમથીજ પ્રત્યેક. આતશ રક્ષકનો હક જાથુકનો મેળવવાને તમે પુરતા લાયક છો. તે તમને સ્વાધીન કરૂં છું. આપણા પૂર્વજોના‡ કદીમ વખતથી ચાલતા આવેલા પોર્યોદકેશી ધારાની રસમ પ્રમાણેની એ વિષેની ફરજો તમારે સ્વતંત્રપણે અદા કરવી.

પદ: સ્પીતમાઓ ખુબ જોર મારો.

---

*તપાસનું. †જુદું. ‡વડવાઓ.

૧૬ ફ્રેરષઓશ્ત્રા અથ્રા-તૂ અરેદ્રાઈશ્ ઇદી,
હ્વો-ગ્વા તાઈશ્ યેંગ્ ઉસ્વહી ઉશ્તા-સ્તોઇ,
યથ્રા અષા હચઇતે આર્મઇતિશ્,
યથ્રા વંઘ્હેઉશ્ મનંઘ્હો ઈશ્તા ક્ષથ્રેમ્,
યથ્રા મઝ્દાઓ વરેદેમાંમ્ ષએઇતી અહુરો.

આર્યન ઈરાન. અહીં આવ ફ્રેષોશ્ત્ર લઇ આવ તારી સાથના તારા મોટાં મનના મહાત્મા મોબેદોના મદદગાર સંઘને. મનસુબામાં આપણે એક છઇએ કે આર્ય દેશ ઇરાનને મોક્ષ મુક્તિએ પુગાડીએ. અત્રે માયાળુ પ્રીતિ વેહનારી તથા અંતકરણ નિખારનારી પવિત્ર આર્મઇતી અષના જોશ સાથે સહ પ્રેમ વસે છે. અત્રે ધર્મ ચક્રવર્તી* શેહેરેવરનો બંદોબસ્ત બહમનના શુભ વિચાર સાથે જડ ઘાલી મજબુત થયો છે. એવી નામાંક્તિ સલતનતમાં બિરાજે છે અહુરમજ્દ પૂર નૂરની તવાનાઇ દાનાઇમાં.

પદ: નૈયત છે જો તું ને હુંની એક.

*રાજસત્તા ભોગવનાર.

૧૭ યથા વે અઽ્ઙ્માની સેંઙ્હાની,
નોઈત્ અનઽ્ઙ્માંમ્ દે-જામાસ્પા હ્વો-ગ્વા,
હદા વેસ્તા વહ્મેંગ્ સેરઓષા રાદંઘ્હો,
યે વીચિનઓત્ દાથેમ્ચા અદાથેમ્ચા,
દંગ્રા મન્તૂ અષા મઝ્દાઓ અહુરો.

સુગંધી હોમણ. ભોગ કર્મનાં સારાં વાનાંમાંથી ખરાબ વસ્તુ વિણાઇને આઘી થાય છે. સુગંધી મઘમઘતો પમરાટજ અહુરમઝ્દ કને જવા પામે છે. જામાસ્પ હુબુબ. ગા તું ફુલેરયા ગજરા જેવી નાદર બંદગી સુ વાનાંના હોમણ કરતે કરતે છંદમાં તાબેદારીથી. રોનકદારીથી, હુશિયારીથી, ફરમાનબરદારીથી, ખબરદારીથી. આતશને નજદીક જતો જતાં. ચપળતા ચોંટાડી, ચિત્ત ચાંપી ચીલો ચઢાવી ચકચુર એકાગ્ર ધ્યાને. ચમત્કારિક અષના ઉપર ખુદાની વરસેલી અચંબીત ખુબીને મારે કશીબી નજીસાત બાધક છે.

પદ : રોનકદારીથી તાબેદારીથી ખબરદારીથી.

૧૮ યે મઇબ્યા યઓશ્ અહ્માઇ અસ્ચીત્ વહિશ્તા,
મખ્યાઓ ઇશ્તોઇશ્ વોહૂ ચોઇષેમ્ મનંઘહા,
આંસ્તેંગ્ અહ્માઇ યે નાઓ આંસ્તાઇ દઈદીતા,
મઝ્દા અષા ક્ષ્માકેમ્ વારેમ્ ક્ષ્નઓષેમ્નો,
તત્ મોઈ ખ્રતેઉશ્ મનંઘહસ્ચા વીચિશ્રેમ્.

દુર્ગંધી હોમણ. સર્વે શક્તિવંત સાહેબે મને નિમ્યો પયગમ્બરને પદે. તે આતશ નજદીક ઇજતી વખતે સુગંધી ઝોહરેનો* પમરાટ પાંથરવા ભલે દિલે અને મોકળે મને. એવી નેકીમાં કસર કરી ખલલ નાખનાર દુરવંદ જુદદીનને આતશ પર કષ્ટ કરનાર જુલમી લેખીને આગે સંહારનારા† અચૂક શ્રાપનાં બાણ હું છોડીશ. સુ વાનાંના હદીયાની નવાજેશ એનાયત થવાના હેતુથી ખુદા અને અર્દીબહેશ્ત વિષેથી હું એમજ વરતીશ. ફરક દેખાડનાર આ મારો તફાવત તમારી સમજમાં મક્કમ ઠેરવજો.

પદઃ કર દૂર દૂર દુર્ગંધી નેક નૂરી આતશથી.

*બલિદાન. †નાશ કરનાર.

૧૯ યે-મોઈ અષાત્ હઇથીમ્ હચા વરેષઈતી,
જરથુશ્ત્રાઈ હ્યત્ વસ્ના ફ્રેરષોતેમેમ્,
અહ્માઈ મીજ્દેમ્ હનેન્તે પરાહૂમ્,
મને-વિસ્તાઈશૂ મત્ વીસ્પાઈશૂ ગાવા અજી,
તાચીત્ મોઇ સાંસ્ ત્વેમ્ મજ્દા વએદિશ્તો.

કરણીની કેરદાર. અષની ફરમાનબરદારી ઉઠાવનારો મારો મન ગમતો છે. કામ કર્યું તેણે મારી ઇચ્છાનુસાર. અસાર* સંસારની તેની શારીરિક જીંદગીની શુભ કરણીની બને છે આત્મિક સુંદર ખુબસુરત કેરદાર કૃત્યા. તેના સુખ સારૂં તે કેરદાર હમેશ રોકાયલી ગુંતાયલી રહે છે. કયાની કાવ્યાની ઓલાદનાં સર્વેને એ નિયમ લાગુ પડે છે. ગગનમાં થયલા ખુદાઇ શબ્દના ગુપ્ત કલામ મારા દીક્ષિત† સબકો ઉતરો તરત સમજદારોનાં મનમાં.

પદ: ફૂલે પમરતી સુંદર નવજવાન કેરદાર.

*સાર વગરનું. †શિખામણવાળા.

ઉશ્તા અહ્માઈ યહ્માઈ ઉશ્તા કહ્માઇચીત્,
વસે-ક્ષયાંસ્ મજ઼્દાઓ દાયાત્ અહુરો,
ઉતયૂઈતી તેવીષી ગત્ તોઈ વસેમી,
અષેમ્ દેરેધ્યાઈ તત્ મોઈ દાઓ આર્મઇતી,
રાયો અષીશ્ વંઘ્હેઉશ્ ગએમ્ મનંઘ્હો.

(ઉપલો ફકરો બે વખત ભણવો.)

અષેમ્ વોહૂ ૩. કમ્નમએજ઼ાંમ્ હાઈતીમ્ યજ઼મઇદે. ઉશ્તવઈતીમ્ ગાથાંમ્ અષઓનીમ્ અષહે રતૂમ્ યજ઼મઇદે. ઉશ્તવઈત્યાઓ ગાથયાઓ હન્દાતા યજ઼મઈદે. યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઈતી વંઘ્હો મજ઼્દાઓ અહુરો વએથા અષાત્ હચા યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજ઼મઇદે.

(બાજમાં પઢે) અહુરમઝ્દ ખોદાએ, અવઝૂનીએ મર્દુમ્, મર્દુમ્ સર્દગાંન્ હમા સર્દગાંન્ હમ્બાયસ્તે વેહાંન્, ઓએમ્ બેહેદીન્ માંઝ્દયસ્નાંન્ આગહી આસ્તવાની નેકી રસાનદ્; અએદૂન્ બાદ્. (પ્રગટ પઢે) યથા અહૂ વઈર્યો ૨.

યસ્નેમ્ચ વહ્મેમ્ચ અઓજસ્ચ જ઼વરેચ આફ્રીનામિ. અહુરહે મઝ્દાઓ રએવતો ખરેનંઘઉહતો. અમેષનાંમ્ સ્પેન્તનાંમ્, ગાથાબ્યો સ્પેન્તાબ્યો રતુક્ષથ્રાબ્યો અષઓનિબ્યો, અહુન-વઈત્યાઓ ગાથયાઓ, ઉશ્તવઈત્યાઓ ગાથયાઓ, સ્પેન્તા-મઈન્યેઉશ્ ગાથયાઓ, વોહુ-ક્ષથ્રયાઓ ગાથયાઓ, વહિશ્તોઈશ્તોઈશ્ ગાથયાઓ, અષઓનામ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઈવિથૂરનાંમ્, પઓઈર્યો-ત્કએષનાંમ્ ફ્રવષિનાંમ્, નબાનજ઼-દિશ્તનાંમ્ ફ્રવષિનાંમ્. અષેમ્ વોહૂ ૧. અહ્માઈ રએશ્ચ; હજંઘ્રેમ્; જસ મે અવંઘહે મઝ્દ; કેર્ફેહ્ મોઝ્દ્.

સ્પેન્તોમદ ગાથા

(હા ૪૭-૫૦)

સ્પેન્તોમદ ગાથા

ક્ષ્નઓથ્ર અહુરહે મજ઼્દાઓ. અષેમ્ વોહૂ ૧.

૫ નામે યજ઼્દાંનૂ અહુરમજ઼્દ ખોદાએ અવજ઼ૂની, ગોરૂજ઼ે ખોરેહ્ અવજ઼ાયાદ્; ગેહ્ ગાથાઅ્યો અહુનવદ્ ગેહ્, ઓશ્તવદ્ ગેહ્, સ્પેન્તોમદ્ ગેહ્, વોહૂ-ક્ષથ્ર ગેહ્, વહિશ્તોઇશ્ત્ ગેહ્, ગેહ્ ગાથાઅ્યો, અર્દાફ્રવશ્ બેરસાદ. અજ઼્ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ્; અજ઼ હર્વસ્તીન્ દુશ્મત દુજ઼ૂખ્ત દુજ઼વરશ્ત, મેમ્ ૫ ગેતી મનીદ્, ઑએમ્ ગોફ્ત્, ઑએમ્ કર્દ, ઑએમ્ જસ્ત્, ઑએમ્ બૂન્ બૂદ્ એસ્તેદ્. અજ઼ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાંની ગેતી મીનોઆંની, ઓખે અવાખ્શ્ પશેમાન્ ૫ સે ગવશ્ની ૫ પતેત્ હોમ્. ક્ષ્નઓથ્ર અહુરહે મજ઼્દાઓ, તરોઇદીતે અંગ્રહે મઇન્યેઉશ્; હઇથ્યા વર્શ્તાંમ્ હ્યાત્ વસ્ના ફ્રષોતેમેમ્; સ્તઓમિ અષેમ્. અષેમ્ વોહૂ ૩.

ફ્રવરાને મજ઼્દયસ્નો જ઼્રથુશ્ત્રિશ્ વીદએવો અહુર-ત્કએષો (જે ગેહ હોએ તે પઢે) ફ્રસસ્તયએચ.

અહુરહે મજ઼્દાઓ રએવતો ખ઼રેનંઘઉહતો, અમેષનાંમ્ સ્પેન્તનાંમ્, ગાથાબ્યો સ્પેન્તાબ્યો રતુક્ષથ્રાબ્યો અષઓનિબ્યો, અહુનવઈત્યાઓ ગાથયાઓ, ઉશ્તવઈત્યાઓ ગાથયાઓ, સ્પેન્તા-મઇન્યેઉશ્ ગાથયાઓ, વોહુ-ક્ષથ્રયાઓ ગાથયાઓ, વહિશ્તોઇશ્તોઇશ્ ગાથયાઓ, અષઓનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિથૂરનાંમ્, પઓઇર્યો-ત્કએષનાંમ્ ફ્રવષિનાંમ, નબાનજ઼્દિશ્તનાંમ ફ્રવષિનાંમ્, ક્ષ્નઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચિ ફ્રસસ્તયએચ. યથા અહૂ વઇર્યો જ઼ઓતા ફ્રા મે બ્રૂતે, અથા રતુશ્ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ બ્રઓતૂ.

અહુરેમ્ મજ઼્દાંમ્ રએવન્તેમ્ ખ઼રેનંઘઉહન્તેમ્ યજ઼મઇદે; અમેષા સ્પેન્તા હુક્ષથ્રા હુધાઓંઘો યજ઼મઇદે. ગાથાઓ સ્પેન્તાઓ રતુક્ષથ્રાઓ

અષઓનીશ્ યજમઇદે; અહુનવઇતીમ્ ગાથાંમ્ અષઓનીમ્ અષહે રતૂમ્ યજમઇદે; ઉશ્તવઇતીમ્ ગાથાંમ્ અષઓનીમ્ અષહે રતૂમ્ યજમઇદે; સ્પેન્તા-મઈન્યૂમ્ ગાથાંમ્ અષઓનીમ્ અષહે રતૂમ્ યજમઇદે; વોહુ-ક્ષથ્રાંમ્ ગાથાંમ્ અષઓનીમ્ અષહે રતૂમ્ યજમઇદે; વહિશ્તોઇશ્તીમ્ ગાથાંમ્ અષઓનીમ્ અષહે રતૂમ્ યજમઇદે; અષઓનાંમ્ વંઘઉહીશ્ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો યજમઇદે. અહુનેમ્ વઇરીમ્ તનૂમ્ પાઇતિ, અહુનેમ્ વઇરીમ્ તનૂમ્ પાઇતિ, અહુનેમ્ વઇરીમ્ તનૂમ્ પાઇતિ. યથા અહૂ વઇર્યો ૧.

(હા ૪૭)

નેમો વે ગાથાઓ અષઓનીશ્,

* * * * * * *

૧ સ્પેન્તા મઈન્યૂ વહિશ્તાચ્યા મન ધ્હા,
હચા અષાત્ ષ્યઓથનાચ્યા વચંઘ્હાચ્યા,
અહ્માઈ દાંન્ હઉર્વાતા અમેરેતાતા,
મઝ્દાઓ ક્ષથ્રા આર્મઈતી અહુરો.

(ઉપલો ફકરો બે વખત ભણવો.)

સાત મહા શક્તિ. પવિત્ર ભલી બક્ષેશક ગેબી સ્પેન્ત મઇન્યુમાં છે સમાઇ સાતે અમશાસ્પંદાન મહા શક્તિ. શુભ મનશ્નીનો સાહેબ બહમન, આતશ પ્રયોગી સૂક્ષ્મ ભેદક અષ અર્દીબહેશ્ત, શુભ વચનનો સરદાર, સવાબી કામનો સાહેબ શેહેરેવર, પ્યાર ભાવની ખરાં એકીનવાળી બાનું સ્પેન્દામંદ. કરેને દાદાર અહુરમજ્દ તો એઓને કરેલાં આમંત્રણથી ઉતરે આપણા ઉપર સ્પેન્ત મઇન્યુની ઝલેહ* ને મારે બે ભલાભલી આશિષ. ખોર્દાદની તંદુરસ્તી ને સુખ. અમર્દાદની અમર જીંદગી. પવિત્રાઇના કાબુ ઉપર ખુદાતાલાની સાહેબી લટકેલી છે.

પદ: ભલો ગેબી મિનો સ્પેન્ત મઇન્યુ.

*ચમક.

૨ અહ્યા મન્યેઉશ્ સ્પેનિશ્તહ્યા વહિશ્તેમ્,
હિજ્વા ઉખ્ધાઇશ્ વંઘ્હેઉશ્ એએઆનૂ મનંઘ્હો,
આર્મતોઇશ્ જસ્તોઇબ્યા ચ્યઓથના વેરેજ્યત્,
ઓયા ચિસ્તી હુવો પતા અષહ્યા મઝ્દાઓ.

અષના બાપ પુરૂં કર. હોય અધુરૂં તે કરો પુરૂં. મહા ધ્રુવી ભલી શક્તિ મંડળના અમશાસ્પંદના અધ્યક્ષ* અહુરમજ્દ. ધડકતે હૈયે, નેક નૈયતે, એક ચિત્તે, ચોકખાં મને, ચાહીએ એ પ્રાર્થના. આર્મઇતી જેવા ચોકખા પૂર્ણે પ્યારે, માંથ્ર લલકારે, નમસ્કારે, અષ તેજના નામવર પિતા મજ્દાને દ્વારે.

પદ: ચાલો ચાલો ભણતા નમતા દાદારની દરબારે.

---

*પ્રમુખ.

૩ અહ્યા મન્યેઉશ્ ત્વેમ્ અહી તા સ્પેન્તો.

યે અહ્માઈ ગાંમ્ રાન્યોસ્કેરેતીમ્ હેમ-તષત્,

અત્ હોઇ વાસ્ત્રાઈ રામા-દાઓ આર્મઈતીમ્,

હ્યત્ હેમ્ વોહૂ મઝ્દા હેમે-ફ્રશ્તા મનંઘહા.

અંશાશનો અધિષ્ઠાતા.* ભલા અંશાશ સ્પેન્ત મઇન્યુનો અધિષ્ઠાતા અહુરમજ્દ. શી કુદરત ખુદાની છે? શી ખુદાની ખુદાઇ છે? કયાની ટોળાંની ખુશીને ખાતર પેદા કીધી તેણે ભલી તેજસ્વી મીનો અંશાશ સ્પેન્ત મઇન્યુ. ઇરાન ભૂમમાં સુલેહનાં ક્ષેત્ર સ્થાપી બક્ષ્યાં સુધાંત-કરણોવાળા માજ્દયસ્નાનોને. એ શક્તિ પૂર્ણાંકિત† છે ખુદાનાં ખરાંપણાંથી.

પદ : તારીફ કહીએ તેટલી થોડી તારી મીનો.

---

*પ્રમુખ. †પુરૂં ઓળખાયલું.

૪ અહ્માત્ મન્યેઉશ્ શરેબ્યેઇન્તી દ્રેગ્વન્તો,
મજ઼્દા સ્પેન્તાત્ નોઈત્ ઈથા અષાઉનો,
કસેઉશ્ચીત્ ના અષાઉને કાથે અંઘહત્,
ઈસ્વાચીત્ હાંસ્ પરઓશ્ અકો દ્રેગ્વાઇતે.

ચુંગાલનો ગટ્ઠો. એ ભલા મીનોની ચુંગાલના ગટ્ઠામાં અંધારી અજ્ઞાનતાના ભુરા અચ્ચા કારી ઘાએ ઘવાયા. નથી એ જખમોનો જોખમ મારા ભલા દીનદારોને સર. પણ બેઇમાન ઇસમને સર ખામખા ઉભો છે ભોગનો ભો. નથી એ ભો માજ઼્દયસ્નાનોને સર. નથી તે ભો જબુન ગુનેહગારને મારી હટાડનાર પાક સાચી દીનને.

૫૬: બેઇમાનને સર ઉભો ભો.

૫ તાચા સ્પેન્તા મઈન્યૂ મઝ્દા અહુરા,
અષાઉને ચોઈશ્ યા-જી ચીચા વહિશ્તા,
હનરે થ્વક્ષાત્ જ્ઓષાત્ દ્રેગ્વાઓ બક્ષઈતી,
અક્ષા શ્યઓથનાઇશ્ અકાત્ આષ્યાંસ્ મનં'ઘહો.

સરસી નરસી. સ્પેન્ત મઈન્યુને લીધે ખુદા સાહેબ પોતાની ખુશીથી આપે છે પાક પુરુષને આત્મિક હૈયાતીનું શ્રેષ્ટ આરાસ્તક ગાયનસ્થ સંપ સંપાદક સ્થાનક. આઘાં ઘણાં આઘાં ઉંડાં બહુ ઉંડાં ઠાણુનો હિસ્સો મળે પાપી જુદદીનને દૂર દૂર. ચકચુર છે તેઓ તો અ-આર્યમનનાં અહેરેમની કામ કરવામાં.

પદ: દૂર દૂર, દૂર દૂર, ઓ કાળાં કામે ચકચુર.

૬ તા દાઓ સ્પેન્તા મઈન્યૂ મઝ્દા અહુરા,
આશા વંઘહાઉ વીદાઈતીમ્ રાનોઈબ્યા,
આર્મતોઈશ્ દેબાંઝંઘહા અબ્યાચા,
હા–જી પોઉરુશ્ ઇષેન્તો વાઉરાઇતે.

માનનીય* શ્રધ્ધા.† મહા આશિષાંકિત‡ એઉ બક્ષીશ આપો અમને રૂડી કુદરત સ્પેન્ત મઇન્યુથી. આતશ રોશનીનાં જ્ઞાનને અવેજે કરો તેમની એનાયત એકરારયાન ને ઇનકારયાન વચ્ચે ફાલાની વાંટણીનો સવાલ નિકળે તે સમયે અમને એ આપો. તેથી માઝ્દયસ્ની દીનનો જય થાય જ્યાદા. આજ્ઞાંકિત સરોષની તાબેદારીની હકીકતે. આર્મઇતીથી ધોવાઇને ધોતાં ધાતાં થયલાં અંતકરણે. એકીનની માનનીય શ્રધ્ધાના અંકુર§ સ્ફુરાયાને સબબે.

પદ: એકરારી ઇનકારી બન્યારી તકરારી.

---

*માનને લાયક. †આસ્થા. ‡આશિષ આપતું.
§મૂળ; હેતુ.

સ્પેન્તા મઇન્યૂ વહિશ્તાચા મનંઘહા,
હચા અષાત્ ષ્યઓથનાચા વચંઘહાચા.
અશ્આઈ દાંનૂ હઉર્વાતા અમેરેતાતા,
મઝ્દાઓ ક્ષથ્રા આર્મઈતી અહુરો.

(ઉપલો ફકરો બે વખત ભણવો.)

અષેમ્ વોહૂ ૩. સ્પેન્તા-મઇન્યૂમ્ હાઈતીમ્ યઝમઇદે. યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઈતી વંઘહો મઝ્દાઓ અહુરો વએથા અષાત્ હચા યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યઝમઇદે.

(હા ૪૮)

૧ યેજી અદાઈશિ્ અષા દુજેમ્ વેંઘહઈતી,
ઘ્યત્ આંસષુતા યા દઇબિતાના ફ્રઓખ્તા,
અમેરેતાઈતી દએવાઈશ્ચા મષ્યાઈશ્ચા,
અત્ તોઈ સવાઈશિ્ વહ્મેમ્ વક્ષત્ અહુરા.

ફતેહની આગાહી. જીતશું અષનાં તેજી કીરણનાં આકર્ષણ સાધને છુટાડયાં બાણે. પન્નીદ જુઠણ દુજનની હુમલો લઈ આવેલી ખરાબીના ઝઘડામાં. જંગમાં વિશેષ વિજયીપણે વધીને ત્યારેજ ધસવા પામશે અમારી ધારી નેમ. પરવડશેબી ત્યારેજ દુરવંદ જુદદીનના ખોટા દેવતાઓનું ઉઘાડું પાડવાનું ખોટું તરકટ. ખુદાનું ચહાવું છે તો મળશે માતબર ફળ અમને અમારી પઢેલી તવંગર દુઆઓનાં. ન કદમ કદમ પણ જોશ બ જોશ આગળ વધશે ખુદાઇ પરસ્તીનો પૂર બાગો બહાર.

પદઃ નાગર* જના, ઝગડો તો જીતશું.

*શાહેરનો રહેનાર.

૨ વઓચા-મોઈ યા ત્વેમ્ વીદ્વાઓ અહુરા,
પરા હ્યત્ મા યા મેંગ્ પરેથા જિમઇતી,
કત્ અષવા મઝ્દા વેંગહત્ દ્રેગ્વન્તેમ્,
હા-ઝી અંઘેઉશ્ વંઘઉહી વિસ્તા આકેરેતિશ્.

તકરારી વઢવાડ. તેથી અય મોટા મહારાજ. તમને માલમ પણ અમને ન માલમ એવી ગુપ્ત વિદ્યાની રોશની મારામાં જગાવી દો. ધર્મની સભા બીચ* મંતકીની તકરારી વઢવાડ આવી પડી હતી. તેમ જંગની ફનાફની સર પર ધુમે ત્યારે મારા ચેલાઓનાં ટોળાં બીચ હું થાતું યશસ્વી.† જીતવુંજ એ તો માજ્દયસ્નાનની જીંદગીનું સેવટ.

પદ: ન પીઠ ફેરવે માજ્દયસ્નાન કદી.

---

*વચ્ચે. †કીર્ત્તિમાન.

૩ અત્ વએદેમ્નાઈ વહિસ્તા સાસ્નનાંમ્,

યાંમ્ હુદાઓ સાસ્તી અષા અહુરો,

સ્પેન્તો વીદ્વાઓ યએચીત્ ગૂઝ્રા સેંગ્હા-ઓંઘહો,

થ્વાવાંસ્ મઝ્દા વંઘહેઉશ્ ખ્રથ્વા મનંઘહો.

અંશમાં મેળવી દીધો. ચતુર ચેલો ચેતેલો છે કે તું હક નામ સાહેબના નિમેલા નિયમ કયા કયા. સત્યાંશથી બોલાયલા છે એ નિયમ. તેમના ભણનારાઓ માટે છે ખુબીના ભરેલા નવાજી નેહાલ કરનાર. ઉદ્યમી ભણતરી સુઘડ સુ મનની સમજણાધારે પોતાની નેક શક્તિનો કાપાલિક* બાણ ફુટાડી પોતાનો જોર મેળવી લે છે તારા અંશમાં.

પદ: તને મળવાને બાણ ફુટાડયો કાપાલિક.

---

*માથાની ખોપરીને લગતું.

૪ યે દાત્ મનો વહ્યો મઝ્દા અષ્યસ્ચા,

હ્વો દએનાંમ્ ષ્યઓથનાચા વચંઘહાચા,

અહ્યા જ્‌ઓષેંગ્ ઉશ્તિશ્ વરેને ગ્ હચઇતે,

થ્વહ્મી ખ્રતાઓ અપેમેમ્ નના અંઘહત્.

ધાર્યું થાય. અંતર જ્ઞાન યોગે ચિત્તને બેહતરી કે બદતરીમાં વળગાડનારનું જેવું ચાહ્યું તેવું થાય. જેવી કેરદાર તેવું રૂપક દેખાય. ભિન્ન પ્રકારના માર્ગો માનનારાઓના રસ્તા આખર જુદા પડવાનાજ. પૃથક* પૃથક રૂપકમાં નજર પડવાના.

પદઃ કેવી કુદરત ખુદાની છે કે યથા શ્રધ્ધા તથા ફળ.

---

*જુદું.

૫ હુક્ષથ્રા ક્ષેન્તાંમ્ મા-ને દુશે-ક્ષથ્રા ક્ષેન્તા,
વંઘ્હુયાઓ ચિસ્તોઇશ્ શ્યઓથનાઇશ્ આર્મઇતે,
યઓજ્દાઓ મષ્યાઈ અઇપી જાંથેમ્ વહિશ્તા,
ગવોઈ વેરેજ્યાતાંમ્ તાંમ્ ને ખ્રરેથાઈ ફ્ષુયો.

ખુદાઈ ખોરાક. લાયક રાજવંશીઓજ સારી રીતની સત્તા ચલાવી શકે. સુ નીતિના શાણા વહીવટથી તેઓ રાજગાદી ભોગવે. અય અંતકરણોને શુધ્ધ કરનારી મહાબાનું નામદાર સરકાર સરદાર સ્પેન્દાર્મદ. ઉતાર તારી બક્ષેશોના ઉત્તમ આશીર્વાદ ખરા એકીનદાર માજ્દયસ્નાન પાદશાહ પર. ક્યાનીઆનોની ધારણા તેથી નીર્વિઘ્ને* પાર પાડવામાં તે સાધન ભુત થાય. ખવાડ તું ઇરાની આત્માઓને ભલી દીનનો આત્મિક ખુદાઇ ખોરાક.

પદ: મહાબાનું ઇરાની માય સરદાર સરકાર.

*અડચણ વગર.

૬ હા-જી-ને હુપોઇથેમા હા-ને ઉતયૂઈતીમ્,
દાત્ તેવીષીમ્ વંધ્હેઉશ્ મનંધ્હો બેરેખ્ધે,
અત્ અખ્યાઇ અષા મજ઼્દાઓ ઉર્વરાઓ
વક્ષત્,
અહુરો અંધ્હેઉશ્ જ઼ાંઘોઈ પઓઉરૂયેહ્યા.

ભલાઇનો સંસાર. તું મહેરવંતી બાનુની માયાથી માજ઼્દયસ્નાનોનાં ઘરબારને ગામ આબાદીમાં આવે છે. સંપીલાપણાંનાં હમપએવંદ ચકરનો જોર તેમનાંમાં જારી થાય છે. તેમનો સંસાર ભલી ભલાઇથી ચાલે છે. ઉતરે છે તેમના પર બહ્મનની નેક નૈયત તણી રક્ષા. દુનિયા સરજવા માંડી ત્યારથી તે સાહેબે માજ઼્દયસ્નાનોનાં પોષણ માટે ઉપજાવી ઉત્પન્ન કર્યાં પાણી અને વનસ્પતીના બધાં સાધન, સંજોગ.

પદ: છે એ હેશાન તમારાં; અય સાહેબ અમારા.

૭ ની અએષેમો ની ઘાતાંમ્ પઈતી રેમેમ્ પઈતી
સ્યોજ્દ્દમ્,
યોઈ આ વંઘ્હેઉશ્ મનંઘ્હો દીદ્રઘ્ઝેદુયે,
અષા વ્યાંમ્ યેહ્યા હિથાઉશ્ ના સ્પેન્તો,
અત્ હોઈ દામાંમ્ થ્વહ્મી આ-દાંમ્ અહુરા.

દુષ્ટ કૃત્યા. નાખો જીખી પટકી ગુસ્સાણ્ઓ શાંતિ-શત્રુ દેવડો એષ્મ. મારી નાખો સુસ્તાન્યો, રીમન્યો દેવડો રેમ.* બહ્મનની સુ અંશી અસરમાં ખલલ કરી તેનાં સારાં પરિણામો મટાડી નાખવા એ એ દુષ્ટ કૃત્યા હરગીઝ પાછી હઠતી નથી. અષના પવિત્ર પંથાનીઓને દીનની પોશતપનાહીમાંથી ખેંચી કાઢવાની આકાક્ષાંના† લોભ લાલચમાં લટકીને તેઓ કુટાયા કરે છે. માઝ્દયસ્નાનોને મુંઝવી તેમનાં આર્યન ધારણામાંથી કાઢી મુકી રખડતા રઝળતા કરવા માંગે છે.

પદઃ લટકી આશામાં કાળી કૃત્યા.

---

*એક દીન દુશ્મન. †ઇચ્છા.

૮ કા-તોઈ વંઘ્હેઉશ્ મઝ્દા ક્ષથ્રહ્યા ઇશ્તશ્,

કા-તોઈ અષોઈશ્ થ્વખ્યાઓ મઈઁયો અહુરા,

કા-થ્વોઈ અષા આકાઓ અરેદ્રંગ્ ઈબ્યા,

વંઘ્હેઉશ્ મન્યેઉશ્ શ્યઓથનનાંમ્ જવરો.

જોર જગાવું. ખુદા સાહેબ, તારી સુમતિની* પાદશાહીમાં બધી બંદગી કરીને તારી નવાજેશ મારા ઉપર ઉતારવાની કોશીશ કરૂં. એઉ દુષ્ટાને સેવટની નાબુદ કરૂં. સર્વે પ્રકારે કરૂં અષ પવિત્રતાની સેવા. તેને યોગે આકર્ષિ લઉં મારા સુંદર સહાયકોનાં ચિત્ત મારાં રચેલાં સુ મંડળ મંડપના તેજમાં તાણીને. સુસ્તી મટાડી દીનની ઉલટનું જોર જગાવું. શુભ સ્પેન્ત મઇન્યુ તરફ ઢોળવી તેમને કરૂં સ્થિર સ્થંભક.

પદ: તાણું ખેંચું આકર્ષિ લઉં ચિત્ત તેજીમાં.

*સારી બુધ્ધિ.

૯ કદા વએદા યેજ઼ી ચહ્યા ક્ષયથા,

મજ઼્દા અષા યેહ્યા-મા આઇથિશ્ દ્રએથા,

એરેશ્-મોઈ એરેજ઼ૂચાંમ્ વંઘ્હેઉશ્ વફુશ્
મનંઘ્હો,

વીદાત્ સઓષ્યાંસ્ યથા હોઈઅષિશ્ અંઘ્હત્.

શક વિપત્તિ. ખુદા સાહેબ, સત્યતાની સત્તા ચલાવી ધર્મી રાજાએ જંગમાં કેવો અખત્યાર મેળવ્યો. તેની ખબર મને મળવી જોઇએ. નિકર* જાણીશ શું હું શક ભ્રમણાના† વમળમાં કે વિપત્તિ વેદનાનું ચકર શુંએક ઘોંટાળામાં ફરશે. મને ખુશી કરવાને અને પોતાનું તારણ કરવાને શાહ દેશે દેશ માંથ્રવાણીની અલેક જગાવવા ફોજ પર ફોજ છોડે છે. મારી દુઆથી તે જય મેળવો. પોતાનું બહેશ્ત ચોકખું કરી આશીર્વાદ પામેલા થાઓ. પાદશાહોનો પાદશાહ બની શહેનશાહી લુમકો લેવાની લાયકાત સાબેત કરો.

પદઃ લુમકો લેવાની લાયકાત લલુતા.‡

*નહિ તો. †વહેમ. ‡લાલચ.

૧૦ કદા મઝ્દા માંનરોઇશ્ નરો વીસેન્તે,
કદા અજેન્ મૂથ્રેમ્ અહ્યા મદહ્યા,
યા અંગ્રયા કરપનો ઉરુપયેઈન્તી,
યાચા ખ્રતૂ દુશે-ક્ષથ્રા દખ્યુનાંમ્.

ત્વરિત* ચેલા. ધુંધી ધરપકડ ભરેલા ચંચલ ચેલા માજ્દયસ્નાન પંથ પ્રસારવાને† મને આવી મળે. હુશિયાર બહાદુરીથી તેમ જાતી અક્કલનાં આસ્માની શસ્ત્રથી તેઓ મારી કાઢશે છાકટી ધૂનમાં ચકચુર થયલા કરપન અને ખ્યોની અંધેર્યા માર્ગના જુદદીન દુરવંદોને. દુષ્ટ પ્રાંતિક સરસુબાઓએ ઉઠાવેલા ચલકતા ઠાઠમાઠના લશ્કરી હુમલાને.

પદ: પદ પંક્ત પૂર્ણ પ્રોઢ‡ ગંભીર ગૂઢ§ ગાથા.

---

*જલદી. †ફેલાવો કરવાને. ‡પુખ્ત. §બાતેની.

૧૧ કદા મજ઼્દા અષા મત્ આર્મઇતિશ્,
જિમત્ ક્ષથ્રા હુષેઇતિશ્ વાસ્તવઈતી,
કોઈ દ્રેગ્વોદેબીશ્ ખ્રૂરાઈશ્ રામાંમ્ દાઓન્તે,
કેંગ્ આ વંઘહેઉશ્ જિમત્ મનંઘહો ચિસ્તિશ્,

માયાળુ સરકાર. ખલક ફલકના ખાવિંદ અય સ્વામીઓના મહા સ્વામી અહુરા મજ઼્દા. તું એ રોશન તેજના અષ અર્દીબહેશ્ત. મારા પવિત્ર ઉત્સાહી ચેલાઓના જુમખા તેમની કોશીશમાં જશવંત થશે. માયાળુ સરકારની સુજ્ઞ* ન્યાયી રાજનીતિને લીધે ખીલવા પામવાનાં ઠાણુકો ઘર સંસારી ગૃહસ્થી જીંદગી ભોગવવા વાસ્તે દાણાં પાણીથી ભરપુર ભરેલાં લીલાં હળયાર ખેતીનાં. સુવ્યવસ્થાચારી† પાદશાહના ગુરજનો ફટકો ઓચિંતો જઇને લોહીના તરસ્યા જલ્લાદ ખ્યોની ઉપર ઓચિંતો પડશે. તેથી તેમની ખુનખાર વલણ ફુટી જશે. પછી એ જલ્લાદો બહમનયાન એખત્યારયાઓની પાસે અમન માંગી તેમના તાબેદાર ગુલામ થવાના.

પદઃ નિયમ ધરો નિયમ ધરો સુવ્યવસ્થાચારનો.

*ગુણ સમજનાર. †સારો બંદોબસ્ત રાખનાર.

૧૨ અત્ તોઈ અંધ્હેનૂ સઓષ્યન્તો દખ્યુનાંમ્,
યોઈ ક્ષ્નૂમ્ વોહૂ મનંધ્હા હચાઓન્તે,
શ્યઓથનાઈશ્ અષા ત્વહ્યા મઝ્દા સેંગહ્યા,
તોઈ-ઝી દાતા હમએસ્તારો અએષેમ્ મહ્યા.

ઉદ્ધારનાં ધોરણ. પ્રાંતોના પુનરોધ્ધાર* એ રીતે થશે. એ કામથી બહમન અમશાસ્પંદ રળિયાત† થશે. અષનાં અશોઇ કામના વધારા માટે એમ ફડચો થઇનેજ સમાધાની આવશે. ઝાઝી ઝનુની ઝાહેલી દેવડા એષ્માના છીલપીલ નિકંદન‡ એ જંગી ટક્કરોથીજ નિકળશે. એ નિષ્ઠાથી ખુદાનો આપેલો માઝ્દયસ્ની ધર્મ રૂડાં ધોરણે સહી સ્થપાશે.

